**–:: ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ–૩૪ તથા ધી ગુજરાત એપેડેમિક ડીસીઝ કોવીડ રેગ્યુલેશન, ૨૦૨૦ અન્વયેનું જાહેરનામું ::–**

નં.જે/એમએજી/કોરોના/જા.નામુ/ફા.નં.૦૨/૨૦૨૦(૧૨)

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જિલ્લા સેવા સદન, શ્રોફ રોડ,
જામટાવર સામે, રાજકોટ.
તા. ૦૩/૦૫/૨૦૨૦.

OFFICE OF THE COLLECTOR & DISTRICT MAGISTRATE RAJKOT (GUJARAT) કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી રાજકોટ (ગુજરાત) સત્યમેવ જયતે

**હુકમ :–**

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. આ સબંધમાં રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી The Gujarat Epidemic Deases, COVID-19 Regulations, 2020 જાહેર કરેલ છે. ભારત સરકારશ્રીનાં ગૃહ મંત્રાલયનાં તા.૨૪/૦૩/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી આવશ્યક સેવાઓ સિવાય તમામ સેવાઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ માટે મોકુફ રાખવામાં આવેલ છે. રાજ્ય સરકારના તા.૨૫/૦૩/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૨૧/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી પણ કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ત્યારબાદ પણ ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી તરફથી માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. તાજેતરની મહામારીની પરિસ્થિતિને અસરકારક રીતે નિયંત્રિત કરવા તથા કોરોના વાયરસ રોગ COVID-19 ને ફેલાતો અટકાવવા ભારત સરકારશ્રીના તા.૧૪/૦૪/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી લોકડાઉન તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી લંબાવેલ અને હાલમાં પણ ભારત સરકારશ્રીનાં તા.૦૧/૦૫/૨૦૨૦નાં હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) આ લોકડાઉનની સ્થિતિ તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કેન્દ્રીય સ્વાસ્થય અને પરિવાર અને કલ્યાણ વિભાગનાં તા.૩૦/૦૪/૨૦૨૦નાં અ.સ. પત્ર D.O.No.7.28015/19/2020-EMR થી રાજ્યનાં જિલ્લાઓને કોરોનાં સંક્રમણના જોખમનાં આધારે RED ZONE(હોટસ્પોટ), ORANGE ZONE તથા GREEN ZONE માં વિભાજીત કરી ઝોન પ્રમાણે પ્રવૃતિઓને કાર્યરત કે પ્રતિબંધીત રાખવા બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાનાં કેન્દ્ર સરકારનાં સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૩૦/૦૪/૨૦૨૦(આમુખ–૨) નાં પત્રથી ORANGE ZONE માં સમાવેશ કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સના તા.૨૪/૦૪/૨૦૨૦ ના હુકમ નાં.40-3/2020-DM-I(A) ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૪/૨૦૨૦ ના ઠરાવ નાં. SB-1/KAV/102020/482(Part-10) થી નાના–મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાનો ચાલુ રાખવા પરવાનગી આપવા નિર્ણય કરેલ છે. જે મુજબ રાજકોટ જિલ્લામાં પણ આવા નાના–મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાન ચાલુ રાખવા પરવાનગી આપવી જરૂરી જણાય છે.

**હુકમ :–**

જેથી હું, **રેમ્યા મોહન (IAS), જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ,** ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ–૩૪ તથા ધી ગુજરાત એપેડેમિક ડીસીઝ કોવીડ રેગ્યુલેશન, ૨૦૨૦ ની જોગવાઈઓની રૂએ ફરમાવુ છું કે,

રાજકોટ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકડાઉન દરમિયાન નીચે મુજબના દુકાનદારો/ધંધાદારીઓને તેઓની દુકાન/સ્ટોર ચાલુ રાખવા નીચે દર્શાવેલ શરતોને આધિન પરવાનગી આપવામાં આવે છે.

(૧) રાજ્યના શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની મર્યાદાની બહારની મલ્ટી બ્રાન્ડ અને સીંગલ બ્રાન્ડ મોલ્સની દુકાનો સિવાય, બજાર સંકુલો અને રહેણાંક સંકુલો સહિતની તમામ દુકાનો ૫૦ % કારીગરોની ક્ષમતા સાથે, ફરજિયાતપણે માસ્ક અને સામાજિક અંતર સાથે.

(૨) નગરપાલિકાઓની મર્યાદામાં રાજયના શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ અને બજાર અથવા બજાર સંકુલ અને મલ્ટી બ્રાન્ડ અને સિંગલ બ્રાન્ડ મોલ્સની દુકાનો સિવાયની સીગલ દુકાન, neighbourhood shops, રહેણાંક સંકુલોમાં આવેલી દુકાનો સહિતની તમામ દુકાનો, ૫૦ % કારીગરોની ક્ષમતા સાથે, ફરજિયાતપણે માસ્ક અને સામાજિક અંતર સાથે.

(બજાર અથવા બજાર સંકુલ અને મલ્ટી બ્રાન્ડ અને સિંગલ બ્રાન્ડ મોલ્સની દુકાનો **તેમજ** સીગલ દુકાન, neighbourhood shops, રહેણાંક સંકુલોમાં આવેલી દુકાનોનું વર્ગીકરણ સબંધિત નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ હોય તે મુજબ ગણાશે.)

Scanned by CamScanner

(૩) મહાનગરપાલિકાની મર્યાદામાં આવશ્યક ચીજવસ્તુઓ તથા દવા વગેરેના વેચાણ માટે મંજુરી આપવામાં આવેલ હોય / પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે દુકાનો ચાલુ રાખી શકાશે. તે સિવાયની કોઈપણ દુકાન ચાલુ રાખી શકાશે નહી.

(૪) રાજકોટ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત કોઈ આવશ્યક કારણોસર ઘરની બહાર નીકળે ત્યારે માસ્ક/ચહેરાના રક્ષણાત્મક કવરનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે.

**<u>સ્પષ્ટતા</u> :–**

(૧) ઈ–કોમર્સ કંપનીઓ ફકત આવશ્યક ચીજવસ્તુઓનું જ વેચાણ કરી શકશે.

(૨) દારૂનું વેચાણ (પરમીટ શોપ) બંધ રહેશે.

(૩) તમાકુ, પાન–મસાલા, ગુટખા, સિગારેટ વિગેરેની દુકાનો બંધ રહેશે.

(૪) સ્પા, ચા ની દુકાન (ટી–સ્ટોલ), ફરસાણ, ખાણી–પીણી, મીઠાઈની દુકાનો, રેસ્ટોરન્ટ અને હોટલ બંધ રહેશે.

(૫) જરૂર જણાયે અલાયદા હુકમથી મનાઈ ફરમાવવામાં આવે તેવી કોઈપણ દુકાન ખુલ્લી રાખી શકાશે નહી.

(૬) જિલ્લાના જે કોઈપણ વિસ્તારમાં "કન્ટેઈનમેન્ટ ઝોન" જાહેર થયેલ હશે કે હવે પછી કરવામાં આવશે તેમાં કોઈપણ પ્રકારની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૭) દુકાન ચલાવતા વ્યકિત જયારે ઘરથી દુકાને અવર–જવર કરે ત્યારે સેલ્સ અને શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ અન્વયે મળેલ લાયસન્સ/પ્રમાણપત્ર અથવા પ્રોફેશનલ ટેક્ષ ભરપાઈ કર્યાની પહોંચની નકલ તથા પોતાનો ફોટો આઈ.ડી.ફરજિયાત સાથે રાખવાનું રહેશે જેથી સરળતાથી ઓળખ પ્રસ્થાપિત થઈ શકે. આ માટે અલગથી કોઈ પાસની જરૂરિયાત રહેશે નહી.

(૮) શાકભાજી અને દુધ રેકડી, છકડો, બાઈક વગેરે દ્વારા જથ્થાબંધ શાકમાર્કેટ (એપીએમસી) તથા દુધની ડેરી અથવા ઉત્પાદન સ્થળથી મેળવી ઘરોમાં અથવા સોસાયટીઓમાં વેચાણ કરતા ફેરીયાઓ, રેકડી વાળાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી અને તેઓને કોઈપણ પાસની જરૂરીયાત રહેશે નહી.

(૯) વખતોવખતની સરકારશ્રીની સુચનાનુસાર જે કામગીરી કરવા સારૂ જિલ્લા પ્રશાસન અથવા તો સક્ષમ સતાધિકારીની પરવાનગી આપવામાં આવેલ છે તે કરવા માટે જિલ્લાનાં આંતરિક વિસ્તારમાં ટેકસી અને કેબ સર્વીસીઝ ૧–(એક) ડ્રાઈવર અને ૨–(બે) મુસાફરો સાથે મુસાફરી કરી શકશે.

(૧૦) વખતોવખતની સરકારશ્રીની સુચનાનુસાર જે કામગીરી કરવા સારૂ જિલ્લા પ્રશાસન અથવા તો સક્ષમ સતાધિકારીની પરવાનગી આપવામાં આવેલ છે તે કરવા માટે જિલ્લાનાં આંતરિક વિસ્તારમાં ફોર વ્હિલર(કાર)/મોટરગાડીનાં ઉપયોગ માન્ય રહેશે. આવી ફોર વ્હિલર(કાર)/મોટરગાડીનાં ઉપયોગ કરતા સમયે ડ્રાઈવર ઉપરાંત વધુમાં વધુ ૨–(બે) મુસાફરો મુસાફરી કરી શકશે.

(૧૧) તે માટે જ વ્યકિતગત હેરફેર તેના વાહન સાથે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તેમના વિસ્તારમાં માસ્ક/ચહેરાના રક્ષણાત્મક કવરનો ઉપયોગ કરવા માટે તથા સોસ્યલ ડીસ્ટન્સની જાળવણી માટે તેની સત્તાની રૂએ અલગથી હુકમો કરી શકશે અને તેના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરી શકશે.

(૧૨) દુકાનોને ચાલુ રાખવાનો સમય ઈન્સીડન્ટ કમાન્ડન્ટશ્રી સ્થાનિક પરિસ્થિતિને ઘ્યાનમાં રાખીને નકકી કરી શકશે.

**<u>શ ર તો</u> :–**

(૧) દુકાન પર આવનાર તમામ વ્યકિતઓએ સોસ્યલ ડીસ્ટન્સ રાખી કામ કરવાનું રહેશે. તેમજ અરજદાર માટે લઘુતમ અંતર જળવાય તે માટેના નિશાનો (સર્કલ) કરવાના રહેશે. દુકાન ઉપર ભીડ એકત્રિત ન થાય તે જોવાની જવાબદારી દુકાનદારની રહેશે. અને તે માટે મહદ અંશે હોમ ડીલીવરીની પ્રથાની અમલવારી કરવાની રહેશે.

(૨) દુકાન પર આવનાર તમામ વ્યકિતઓ ફેસ માસ્ક/ચહેરાના રક્ષણાત્મક કવરનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે. તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે અથવા હાથ સાફ કરવા સાબુ, પાણી ઉપલબ્ધ કરાવવાનું રહેશે તેમજ સ્વચ્છતા રાખવાની રહેશે.

OFFICE OF THE COLLECTOR & DISTRICT MAGISTRATE RAJKOT (GUJARAT) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી રાજકોટ (ગુજરાત) સત્યમેવ જયતે



Scanned by CamScanner

(૩) દુકાનનું સ્થળ ભવિષ્યમાં હોટસ્પોટ/કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવે તો તાત્કાલિક બંધ કરવાનું રહેશે.

(૪) એવા તમામ વિસ્તારો કે જયાં સ્પર્શ વધારે થતો હોય, જેવા કે દરવાજાનું હેન્ડલ, ટેલીફોન, રેલીંગ્સ, લાઈટની સ્વીચ, દિવાલનો એરીયા તથા કોમ્પ્યુટરના ટચ પેડ અને કી–પેડ જેવા સ્થળોનું ૧ % સોડીયમ હાઈપોકલોરાઈટથી દરરોજ ડીસઈન્ફેકશન કરવાનું રહેશે. ડેમ્પ કાપડથી સદરહુ વિસ્તારો ડીસઈન્ફેકશન કરવાના રહેશે. ત્યાં સ્પ્રે કરવો નહી.

(૫) દરેક એકમો/દુકાનદારોએ સરકારશ્રીની કોવીડ–૧૯ ની વખતોવખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) જે તે જિલ્લામાં સક્ષમ અધિકારી દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરેલા વિસ્તારમાંથી કર્મચારી/કામદારો આવી શકશે નહિ.

(૭) કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રીની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

**–: વિસ્તાર :–**

આ હુકમ રાજકોટ શહેર સહિતના રાજકોટ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

**–: અમલવારીનો સમય :–**

આ હુકમની અમલવારી તા.૦૩/૦૫/૨૦૨૦ ના ૦૦:૦૦ કલાકથી તા.૧૭/૦૫/૨૦૨૦ નાં ૨૪:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

**–:: શિક્ષા ::–**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તથા એપેડેમિક ડીસીસ એકટ–૧૮૯૭ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓ ને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રીત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તારીખ :– ૨૬ મી માહે:– એપ્રિલ–૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાડી હુકમ બહાર પાડયો.

OFFICE OF THE COLLECTOR & DISTRICT MAGISTRATE
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
સત્યમેવ જયતે
રાજકોટ (ગુજરાત)
RAJKOT (GUJARAT)

(રેમ્યા મોહન)
કલેકટર અને
જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

**નકલ રવાના :–**

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner